# અડવાણી-સુષ્મા ભાજપની રેલીમાં ગેરહાજર

## ભાજપ કારોબારીમાં ઘણી સમસ્યાઓ અકબંધ : નરેન્દ્ર મોદી અને ગડકરી વચ્ચેના મતભેદ દૂર થયા હોવા છતાં હવે અડવાણી નારાજ : રેલીમાં મોદી છવાઈ ગયા



મુંબઈ,તા. ૨૫

ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં એક પછી એક નવા વિવાદો સપાટી પર આવી રહ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ નીતિન ગડકરી વચ્ચે સંબંધો સુધર્યા હોવા છતાં ભાજપમાં તકલીફ હજુ દુર થઈ રહી નથી. તેની રાષ્ટ્રીય કારોબારીની મિટિંગના બીજા દિવસે સાંજે યોજાયેલી મિટિંગમાં વરિષ્ઠનેતા અડવાણી અને સુષ્માસ્વરાજ ઉપસ્થિત રહ્યા ન હતા. પક્ષના પ્રવક્તા નિર્મલા સિતારામને કહ્યુ હતુ કે અડવાણીનો કાર્યક્રમ પહેલાથી જ નક્કી હતો જેથી તેઓ રેલીમાં ઉપસ્થિત રહી શક્યા નથી. તેમણે કહ્યુ હતુ કે સુષ્માસ્વરાજ પણ આવતીકાલે સવારે ગાજીયાબાદમાં એક કાર્યક્રમમાં ભાગ લેનાર છે. રેલીમાં આ બંનેની ગેરહાજરીને લઈને કોઈ વિવાદ હોવાનો તેમણે ઈન્કાર કર્યો હતો.


ભાજપને એક વાઈબ્રન્ટ પાર્ટી તરીકે પ્રોજેક્ટ કરવા આ રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. પક્ષે પુનરોચ્ચાર કર્યો હતો કે ભાજપમાં ચાલી રહેલી આંતરિક બાબતોથી અડવાણી ખુશ નથી તેવા અહેવાલમાં કોઈ વાસ્તવિકતા નથી. મોદી અને ગડકરી રેલીમાં છવાઈ ગયા હતા. વરિષ્ઠ નેતા પણ ઉપસ્થિત રહ્યા હતા. ગડકરીએ મોદી સાથે સંબંધો સુધારી લીધા છે. ગઈકાલે ભાજપ કારોબારીના સભ્ય તરીકે સંજય જોષીએ રાજીનામુ આપ્યુ હતુ. સંજય જોષી નરેન્દ્ર મોદીના સૌથી નક્કર વિરોધીમાં ગણવામાં આવે છે. ગડકરી અને મોદી હવે સંબંધ સુધારી ચુક્યા છે. આજે યોજાયેલી રેલીમાં બંને સાથે વાતચીત કરતા અને નજીક બેઠેલા નજરે પડ્યા હતા જેથી અટકળોનો અંત આવ્યો છે. ગડકરીએ ગઈકાલે સંસ્થામાં એકતા અને શિસ્તની વાત કરી હતી.



## સંજય જોષીની ગડકરીએ પોલ મેનેજર તરીકે કરેલી નિમણૂંક

નાગપુર,તા. ૨૫

ભાજપના રાષ્ટ્રકીય કારોબારીમાંથી રાજીનામું આપી દેનાર વરિષ્ઠ નેતા સંજય જોષીને પક્ષ પ્રમુખ નિતિન ગડકરી હજુ પણ મોટી જવાબદારી આપી રહ્યા છે. મળેલી માહિતી મુજબ વર્ષ ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણી માટે સંજય જોષીની નાગપુરમાં ગડકરીની ચૂંટણી પ્રચાર સમિતિની મુખ્ય જવાબદારી સોંપવામાં આવી છે.સંજય જોષીને પોલ મેનેજરની જવાબદારી સોંપી દેવામાં આવી છે. પક્ષના આંતરિક સુત્રોનું કહેવું છે કે ગડકરી સંજય જોષીને મોટી જવાબદારી સોંપવા માંગે છે. જોષી પણ આ ભુમિકાને લઈને ખુશ હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્રણ દશકથી ગડકરી મહારાષ્ટ્રમાં એમએલસી તરીકે રહ્યા છે. હવે તેઓ લોકસભાની ચૂંટણી લડવા ઈચ્છુક છે. આ જ કારણસર નિતિન ગડકરીએ નાગપુરમા ચૂંટણી પ્રચારની જવાબદારી જોષીને સોંપી દીધી છે. પક્ષ પ્રમુખ તરીકે ફરી ચૂંટાઈ આવ્યાની સાથે જ તેમની અવધિ ૨૦૧૪ સુધી રહેશે. લોકસભાની ચૂંટણીમાં જીત મેળવીને તેઓ પક્ષના કાર્યકરોનો વિશ્વાસ પણ જીતવા માંગે છે. આરએસએસના પોસ્ટરબોય અને ફુલટાઈમ પ્રચારક જોષીએ ગઈકાલે ભાજપના રાજકીય કારોબારીમાંથી રાજીનામું આપી દીધું હતું. ગુજરાતના મુખ્યમંત્રી મોદી સાથે ગડકરીના સંબંધ સુધરે તા માટે સંજય જોષીએ રાજીનામું આપ્યું હતું. મોદીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે જો જોષી આસપાસ રહેશે તો તેઓ કારોબારીમાં હાજરી આપશે નહીં. જોષીએ રાજીનામું આપ્યા બાદ મોદી તરત જ કારોબારીમાં હાજરી આપવા પહોંચ્યા હતા. ગુજરાતમાં ભાજપને મજબુત બનાવવા જોષીએ ભુમિકા ભજવી છે. તેઓ મોદી સાથે પણ નજીકથી કામ કરી ચુક્યા છે. પરંતુ વર્ષ ૨૦૦૫માં તેમની સીડી પ્રકાશમાં આવ્યા બાદ મુશ્કેલમાં મુકાયા હતા.



## હાલમાં ભાવ વધારાને પરત ખેંચવાની કોઈપણ યોજના નથી : જયપાલ રેડ્ડી

નવી દિલ્હી,તા. ૨૫

પેટ્રોલની કિંમતમાં કમરતોડ વધારો ઝીંકવામા આવ્યા બાદ દેશભરમાં લોકો દ્વારા કરવામા આવી રહેલા વિરોધ વચ્ચે સરકારે આજે કહ્યુ હતુ કે પેટ્રોલની કિંમતમાં ભાવ વધારો બિલકુલ વાજબી છે. હાલમાં ભાવ વધારાને પરત ખેંચવાની કોઈપણ યોજના નથી. ભાવ વધારાને ખેંચવાના મામલે કોઈ નિર્ણય લેવામા આવે તે પહેલા પરિસ્થિતિ ઉપર નજર રાખવામાં આવશે. સામાન્ય લોકો દ્વારા સામનો કરવામા આવી રહેલી તકલીફમાં સુર પુરાવતા પેટ્રોલિયમ પ્રધાન એસ જયપાલ રેડ્ડીએ કહ્યુ હતુ કે પેટ્રોલની કિંમતમાં ભાવ વધારવાનો નિર્ણય ઓઈલ કંપનીઓ દ્વારા લેવામા આવ્યુ છે પરંતુ સરકાર સામાન્ય લોકોની અંદર નારાજગી અને હતાશાથી વાકેફ છે. અત્રે ઉલ્લેખનયી છે કે ૨૩મી મેના દિવસે પેટ્રોલની કિંમતમાં લિટરદીઠ રૂપિયા ૭.૫૦નો કમરતોડ વધારો ઝીંકી દેવામા આવ્યો હતો. ભાવ વધારા સામે દેશભરમાં જોરદાર વિરોધ જારી છે. એનડીએ અને ડાબેરીએ દ્વારા ૩૧મી મેના દિવસે ભારત બંધની જાહેરાત પણ કરવામા આવી છે ત્યારે પેટ્રોલિયમ પ્રધાન જેયપાલ રેડ્ડીએ કહ્યુ હતુ કે પેટ્રોલની કિંમતમાં જંગી વધારો બિલકુલ વાજબી છે. વિરોધપક્ષોની સાથે સાથે યૂપીએના સાથી પક્ષો પણ ભાવ વધારાનો જોરદાર વિરોધ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યુ હતુ કે નિર્ણય ખૂબ જ કઠોર અને નારાજગી કરનાર છે. પરંતુ ઓઈલ માર્કેટીંગ કંપનીઓની જરૂરિયાત મુજબનો આ નિર્ણય લેવામાં આવ્યો છે. થોડક દિવસ સુધી પરિસ્થિતિ ઉપર નજર રાખવામા આવશે ત્યાર બાદ કોઈ અંતિમ નિર્ણય લેવામા આવશે. તેમણે ઉમેર્યુ હતુ કે ઓઈલ માર્કેટીંગ કંપનીઓ ક્રુડ ઓઈલની કિંમતમાં બેવડા પ્રવાહનો સામનો કરી રહી છે. ડીઝલની કિંમત અંગે એમ પાવર ગ્રુપ ઓફ મિનિસ્ટરની મીટિંગ અંગે પૂછવામા આવતા પ્રધાને કહ્યુ હતુ કે ડીઝલ, એલપીજી અને કેરોસીનની કિંમત અંગે નિર્ણય લેવા મીટિંગ બોલાવવા અંગે મીટિંગ કરવામા આવી છે. રેડ્ડીએ કહ્યુ હતુ કે ભાવ વધારાને લઈને તેઓ પોતે નિસહાય છે. કારણ કે આ મામલો સરકારના નિયંત્રણની બહાર છે. રાષ્ટ્રીય પાટનગરમાં મીડિયા સાથે વાતચીત કરતા રેડ્ડીએ આ મુજબની વાત કરી હતી. રેડ્ડીએ કહ્યુ હતુ કે તેઓ નાણાંમંત્રી પ્રણવ મુખર્જીને મળી ચુક્યા છે. રાજ્ય સરકારો સાથે પણ વાતચીત કરવાનો નિર્ણય કરાયો છે. લોકોની તકલીફ સમજી રહ્યા છે. અગાઉ રેડ્ડીએ વડાપ્રધાન મનમોહનસિંહ સાથે બેઠક યોજી હતી જેમા નાણામંત્રી પ્રણવ મુખર્જી અને રિઝર્વ બેંકના સભ્યો પણ હાજર રહ્યા હતા. રેડ્ડી ભાવ વધારો ઝીંકવામા આવ્યો ત્યારે દેશમાં ન હતા. સરકારના આ નિવેદનથી લોકામા વધુ નારાજગી જોવા મળે તેવી શક્યતા છે. પેટ્રોલની કિંમતમાં તીવ્ર ભાવ વધારો થયા બાદ મોટા ભાગના રાજકીય પક્ષો યૂપીએ સરકાર સામે નારાજગી વ્યક્ત કરી ચુક્યા છે.



યૂપીએના સાથી પક્ષ તૃણમુલ કોંગ્રેસે પણ ભાવ વધારાનો વિરોધ કર્યો છે. ડાબેરીઓ અને ભાજપ દેશ પ્રતિબંધને હાકલ કરી ચુક્યા છે. એનડીએ અને ડાબેરી પક્ષોની સાથે સાથે અન્ય કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ અને વેપારીઓ પણ બંધમાં જોડાય તેવી સંભાવના છે. યૂપીએના પ્રધાનો ભાવ વધારાને લઈને પોતાનો બચાવ કરી રહ્યા છે. તેમનું કહેવુ છે કે પેટ્રોલની કિંમતને અંકુશ મુક્ત કરી દેવામા આવ્યા બાદ પેટ્રોલની કિંમતો સરકાર દ્વારા નહી પરંતુ પેટ્રોલિયમ કંપની દ્વારા નકકી કરવામા આવે છે. પેટ્રોલિયમ કંપનીઓને હાલમાં ભારે નુકસાન થઈ રહ્યુ હતુ. બીજી બાજુ વિરોધીઓનુ કહેવુ છે કે બજેટ સત્ર પુરૂ થયાના એક દિવસ બાદ જ ભાવમાં તીવ્ર વધારો કેમ કરવામા આવ્યો. બજેટ સત્રમાં જ ભાવ વધારો કરી શકાયો હતો. વિરોધીઓનુ કહેવુ છે કે ભાવ પેટ્રોલિયમ કંપનીઓ નક્કી કરી છે પરંતુ કંપનીઓ પર સરકારનુ સંપૂર્ણ અંકુશ છે જેથી ભાવ વધારા અંગે નિર્ણય પહેલા કંપનીઓને અનોપચારિક મંજૂરી લેવી પડી છે.

## ૧૩/૭ મુંબઈ બોમ્બ બ્લાસ્ટ કેસના સંબંધમાં એટીએસે ચાર આરોપી સામે ચાર્જ શીટ દાખલ કરી

મુંબઈ,તા. ૨૫

૧૩/૭ મુંબઈ બોમ્બ બ્લાસ્ટ કેસના સંબંધમાં એટીએસે આજે ચાર આરોપી સામે ખાસ મકોકા કોર્ટમાં ૪૦૦૦ પાનામાં ચાર્જ શીટ દાખલ કરી હતી. ત્રણ વર્ષ અગાઉ થયેલા આ બોમ્બ બ્લાસ્ટમાં ૨૭ લોકોના મોત થયા હતા અને સેંકડો લોકો ઘાયલ થયા હતા. એટીએસે ખૂબ જ કઠોર મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ (મકોકા), આઈપીસી અને અન્ય કાયદાઓ હેઠળ કેસ દાખલ કર્યો હતો. ચાર્જ શીટ જે લોકો સામે દાખલ કરવામા આવી છે તેમાં નકી અહેમદ, નદીમ શેખ, કન્વર પથરીજા, હારુન નાઈકનો સમાવેશ થાય છે. ચાર્જ શીટની નકલમાં અભ્યાસ કરવાની હવે પ્રક્રિયા હાથ ધરવામા આવશે. મેજીસ્ટ્રેટ સમક્ષ નદીમ દ્વારા આપવામા આવેલી જુબાનીની એક નકલ પણ કોર્ટ સમક્ષ રજૂ કરવામા આવી છે. આ બ્લાસ્ટ કરવામાં જે લોકોએ ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી તેમા અન્ય પાંચ લોકો પણ સામેલ છે જેમાં વકાસ, તબરેજ અને યાસીન ભટકલનો સમાવેશ થાય છે. આ ત્રણેય ઈન્ડિયન મુજાહીદીનના સભ્યો હોવાનુ જાણવા મળ્યુ છે. એટીએસ મુજબ ભટકલ, વકાસ અને તબરેજે બાય કુલ્લા હબીબ બિલ્ડીંગમાં ત્રીજા માળે મકાન ભાડે લીધુ હતુ જ્યા તેઓ ગેરકાયદે રીતે વિસ્ફોટક સામગ્રી ભેગી કરી રહ્યા હતા. દાદર, ઝવેરી બજાર અને ઓપેરા હાઉસમાં બ્લાસ્ટ કરતા પહેલા અહીં જ વિસ્ફોટકો મુકવામા આવ્યા હતા. ૨૦૧૧ના આ બોમ્બ બ્લાસ્ટ સાંજે પીક કલાક દરમિયાન થયા હતા. ઓપેરા હાઉસ, ઝવેરી બજાર અને દાદર પશ્ચિમમાં બ્લાસ્ટ થયા બાદ દેશભરમાં ખળભળાટ મચી ગયો હતો. આમાં અન્ય ૧૩૦ લોકો ઘાયલ થયા હતા. બ્લાસ્ટના સ્થળથી ફોરેન્સિક નિષ્ણાંતોએ જે પુરાવા એકત્રિક કર્યા હતા તે પુરાવમાં ચકાસણી કર્યા બાદ જાણવા મળ્યુ હતુ કે ફ્યુઅલ ઓઈલની સાથે એમોનિયમ નાઈટ્રેડે મિક્સ કરીને વિસ્ફોટકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.




## સતત ચોથા વર્ષે ભારતના સૌથી શક્તિશાળી સીઈઓ તરીકે રતન તાતા

મુંબઈ,તા. ૨૫

તાતા સન્સના ચેરમેન રતન તાતા ભારતના સૌથી શક્તિશાળી સીઈઓ તરીકે ઉભરી આવ્યા છે. સતત ચોથા વર્ષે રતન તાતા આ સિદ્ધિ મેળવવામાં સફળ રહ્યા છે. રતન તાતાની સાથે સાથે યાદીમાં અન્ય કેટલાક ટોચના સ્થાન મેળવવામાં સફળ રહ્યા છે. આ વર્ષના અંત સુધી નિવૃત્ત થવા જઈ રહેલા રતન તાતા ટોચનો હોદ્દો છોડશે. ત્યારે તે જગ્યા કોણ લે છે તેને લઈને હજુ કોઈપણ કારોબારી કહેવાની સ્થિતિમાં નથી. આ વર્ષે યાદીમાં સ્થાન મેળવી ચુકેલા અન્યોમાં સાઈરસ મિસ્ત્રીનો સમાવેશ થાય છે. તેઓ પ્રથમ વખત આ યાદીમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યા છે. તાતા સંઘના વાઈસ ચેરમેન અને નિયુક્ત ચેરમેન તરીકે નિમાયેલા સાઈરસ મિસ્ત્રી ૧૫મા સ્થને છે. સાઈરસ મિસ્ત્રી પણ દિન પ્રતિદિન લોકપ્રિયતા મેળવી રહ્યા છે. વાર્ષિક યાદીમાં કેટલાક મોટા ફેરફાર થયા છે. મુકેશ અંબાણી બીજા સ્થાને યથાવત રહ્યા છે. જ્યારે તેમના ભાઈ અનિલ અંબાણી અગિયારમાં સ્થાને ફેંકાયા છે. સુનીલ મિત્તલ ત્રીજા સ્થાનથી ફેકાઈથી ૧૬માં સ્થાને ફેંકાઈ ગયા છે. જો કે કુમાર મંગલમ બિરલા યાદીમાં યથાવત રહ્યા છે. તેઓ પાવર રેંકિગ યાદીમાં ગયા વર્ષે સાતમાં સ્થાને હતા. પરંતુ આ વર્ષે ત્રીજા સ્થાને છે. વિજય માલિયા ટોપ ટેનમાંથી ફેંકાઈ ચુક્યા છે. ટોપટેનમાં સ્થાન મેળવનારમાં આઈસીઆઈસીઆઈ બેંકના કેવી કામતનો સમાવેશ થાય છે. ઈન્ફોસીસના કારોબારી ચેરમેન તરીકે તેઓ હાલમાં નિમણૂક પામ્યા છે. ટોપટેનમાં રહેલાઓમાં એલએન્ડ ટીના એએમ નાયકનો સમાવેશ થાય છે. રતન તાતા આ યાદીમાં અંતિમ વર્ષ રહેનાર છે. કારણ કે વર્ષ ૨૦૧૨માં તે નિવૃત્ત પણ થઈ રહ્યા છે.

આ મામલામાં રતન તાતા ઈન્ફોસીસના ભૂતપૂર્વ ચેરમેન એએન નારાયણમૂર્તિની દિશામાં આગળ વધી રહ્યા છે. મૂર્તિ પણ નિવૃત્તિ બાદ જ યાદીમાંથી બહાર થયા હતા. આદિત્ય બિરલા ગ્રૂપના કુમાર મંગલમ બિરલા એલ્યુમિનિયમ, સિમેન્ટ, બ્રાન્ડેડ એપરલ સેગમેન્ટમાં સફળતા મેળવી યાદીમાં ત્રીજા સ્થાને પહોંચ્યા છે. ગયા વર્ષે તેઓ ૭માં ક્રમાંકે હતા. જિંદાલ સ્ટીલ એન્ડ પાવરના ચેરમેન નવીન જિંદાલ પણ ટોપટેનમાં સ્થાન મેળવી શક્યા નથી. માલ્યા આ વર્ષે ૪૩માં ક્રમાંકે છે જ્યારે વિપ્રોના અઝીમ પ્રેમજી યાદીમાં ચોથા સ્થાને છે. ગયા વર્ષે પણ તેઓ આ જ સ્થાને હતા. આઈસીઆઈસીઆઈ બેંકના ચંદા કોચર પાંચમાં સ્થાન ઉપર છે. આઈસીઆઈસીઆઈ બેંકમાંથી નિવૃત્ત થયા બાદ કેવી કામથ ટોપટેનમાં સામેલ થયા છે. ઈન્ફોસીસના કારોબારી ચેરમેન તરીકે આ વર્ષે તેઓને આ કલબમાં જગ્યા મળી છે.







## અગ્નિ-૫ વિશ્વની સર્વશ્રેષ્ઠ મિસાઈલો પૈકીની એક છે

ગ્વાલિયર,તા. ૨૫

ડીઆરડીઓના ડિરેક્ટર જનરલ વિજયકુમાર સારસ્વતે આજે જણાવ્યુ હતુ કે દેશમાં વિકસિત અગ્નિ-૫ મિસાઈલ દુનિયાની સર્વેશ્રેષ્ઠ મિસાઈલ છે. ગ્વાલિયરના આઈટીએમ યુનિવર્સિટી દ્વારા કરવામા આવેલા સન્માન બાદ એક કાર્યક્રમમાં સંબોધતા તેમણે કહ્યુ હતુ કે અગ્નિ-૫ મિસાઈલ બનાવવામાં ૩૦ વર્ષનો સમય લાગ્યો છે અને આ મિસાઈલ હવે ૨૧મી સદીની સર્વશ્રેષ્ઠ મિસાઈલ છે. તેમણે કહ્યુ હતુ કે આ મિસાઈલને તૈયાર કરવામાં ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ ઈન્દિરા ગાંધી, જાણીતા વૈજ્ઞાનિક અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામનુ પણ યોગદાન મળ્યુ છે. તેમણે કહ્યુ હતુ કે આમિસાઈલ બનાવ્યા બાદ સંપૂર્ણ સંતોષ મળ્યો છે અને ગર્વ પણ થઈ રહ્યો છે. ભવિષ્યના પડકારોને સફળતાપૂર્વક સામનો કરી શકાશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે આના નિર્માણમાં અમારા યુવા વૈજ્ઞાનિકોની પણ ભૂમિકા છે. જે આત્મવિશ્વાસથી ભરપૂર છે. તેમણે ઉમેર્યુ હતુ કે તેમની જન્મભૂમિ પર આ યુનિવર્સિટીએ સન્માન કરીને તેમનુ સન્માન વધાર્યુ છે. આ પ્રસંગે છત્તીસગઢના રાજ્યપાલ શેખર દત્ત પણ ઉપસ્થિત રહ્યા હતા. અને કહ્યુ હતુ કે અમે પણ જાપાન અને જર્મનીમાં થયેલા વિકાસની જેમ જ આગળ વધી રહ્યા છે.

## બેનેઝીર ભુટ્ટોની હત્યા મુશર્રફે કરાવી હતી : બિલાવલનો દાવો

વોશિંગ્ટન,તા. ૨૫

પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના પ્રમુખ બિલાવલ ભુટ્ટો ઝરદારીએ એમ કહીને ખળભળાટ મચાવી દીધો છે કે તેમની માતા અને ભુતપૂર્વ વડાપ્રધાન બેનેઝીર ભુટ્ટોની હત્યા માટે તત્કાલિન પ્રમુખ પરવેઝ મુશર્રફ જવાબદાર છે. બિલાવલે એક અગ્રણી ટીવી ચેનલને આપેલી મુલાકાતમા કહ્યું છે કે મુશર્રફે બેનેઝીરની હત્યા કરાવી હતી. બેનેઝીરની હત્યા માટે મુશર્રફને જવાબદાર ગણતા હોવાનો દાવો બિલાવલે કરીને એક નવી ચર્ચા છેડી દીધી છે. બિલાવલ એમ કઈ રીતે કહી શકે છે તે અંગે પુછવામાં આવતા તેમણે કહ્યું હતું કે બેનેઝીર ભુટ્ટો પર હુમલો થઈ શકે છે. તે બાબતથી મુશર્રફ વાકેફ હતા. મુશર્રફે પહેલાથી જ ભુટ્ટોને ધમકી આપી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે તમારી સુરક્ષાના સીધા સંબંધ અમારા સંબંધો અને સહકાર સાથે સંબંધિત છે. હાલના દિવસોમાં અમેરિકાના પ્રવાસે રહેલા બિલાવલે કહ્યું હતું કે મુશર્રફે પાકિસ્તાની લોકોને ગેરમાર્ગે દોરવાના સતત પ્રયાસો કર્યા હતા. મુશર્રફ હાલમાં દેશ નિકાલ ઉપર બ્રિટનમાં છે. મુશર્રફે માત્ર અમેરિકા જ નહીં દુનિયાના અન્ય દેશોને પણ ગેર માર્ગે દોર્યા હતા. બિલાવલે કહ્યું હતું કે બેનેઝીર ભુટ્ટો પાકિસ્તાન પરત ફરે તેમ ઈચ્છુક ન હતા. બેનેઝીર ભુટ્ટોએ મુશર્રફ સામે અવાજ ઉઠાવવાની શરૂઆત કરી દીધી હતી. જેથી તેમની સુરક્ષા ઘટાડી દેવામાં આવી હતી. પાકિસ્તાનના પ્રમુખ આશીફ અલી ઝરદારીના પુત્ર બિલાવલે કહ્યું હતું કે તેમની યોજના આગામી ચૂંટણીમાં વધુ મોટી ભુમિકા અદા કરવા અનો રાજકારણમાં સામેલ થવાની છે.

TMT BARS - ISI
BENELAVE
C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

કામધેનુ સ્ટીલ ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ વેચાણ ધરાવતી ફર્મ

દેશ કી શાન કામધેનુ TMT સ્ટીલ
FE 415 / 500 - ઈન્ટરનેશનલ ક્વૉલીટી
અલ્ટ્રાટેક
સ્ટોકિસ્ટ
Build the trust
Since 1981
કૈલાસ ટ્રેડર્સ
Steel Tiger
(લોદરા વાળા)
૬૩૩/૨, સેક્ટર : ૩/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૫૩૮૯ / ૬૫૭૨૩૮૦૧ મો. ૯૮૨૫૬ ૪૫૮૭૮ / ૯૮૯૮૭ ૬૧૮૪૫ / ૯૯૯૮૪ ૫૩૨૦૦

ગોડાઉન
સ્ટીલ સ્ટેશન
ખ-૨ ચોકડી
સેક્ટર-૪સી કોર્નર